શ્રીહરિ:

# પ્રભુ પ્રસાદી

## પ્રાર્થનાનાં પદ

ભાગ ૨.

કૃષ્ણાર્પણ

ત્રણ આના.

શ્રીહરિઃ

# પ્રભુ પ્રસાદી

## પ્રાર્થનાનાં પદ

ભાગ ૨.

રચનાર

દીન બાળા.

મુંબઈમાં,

"નિર્ણયસાગર" પ્રેસમાં માલીકને માટે
બાળકૃષ્ણ રામચંદ્રે છાપ્યું.

સન ૧૯૧૦.

શ્રી

# અર્પણ-પત્રિકા.

મન્દાક્રાન્તા.

મ્હેની વ્હાલી, અશુચી જગજે,
તે ગમ્યું લેશ ના ને
ચાલી વ્હેલી, પ્રભુ ગૃહવિશે,
શુદ્ધ તે પારખીને,
આ દેહે તો, પ્રિય ભગીનીરે !
ના, કદીએ મળીશું.
આ સંસારે, તુજમુજ મુખો,
ના, નીહાળી શકીશું—૧
ત્યાગું જ્યારે, શરીર મળીશું,
નક્કી ત્યાં ઇશ ધામે.

કિન્તુ બ્હેની! ધીર નવ રહે,
　　　　ત્યાં સુધી કોઇ કામે
પુરી પ્રીતિ તુજ જીવનમાં,
　　　　માત્ર મ્હારે કૃતેતો—
—રાખી બીજો, સમય સઘળો,
　　　　પુસ્તકોમાંહી કાઢ્યો—૨
એ સર્વે હું સ્મરી દુઃખી મને,
　　　　“ શું કરૂં ” એવું થાય ?
મ્હોંયે અર્પ્યું પ્રભુ ગૃહવિશે,
　　　　એમ સંદેહ થાય ?
આત્મા ત્હારો અમર ગણીને,
　　　　ઈશ કારૂણ્ય જાણી;
અર્પું પ્રેમે, દીન ભગીનિનો,
　　　　લેખ, ચાહીશમાની—૩

श्रीहरिः

# પ્રસ્તાવના.

પ્રભુ કૃપાથી, તેનીજ પ્રેરણાથી, લખાયેલ પ્રભુ પ્રસાદી નામનું નાનું પદનું પુસ્તક પ્રભુજનનાં સાત્વિક હૃદયને ભાવ્યું, ને એ લઘુ ગ્રન્થની આજુબાજુથી થતી અતિ ઉત્સાહપૂર્વક માગણીથી લોભાઈ ફરી પ્રભુને યાચી તેનાંજ શક્તી, બળ, ને પ્રેરણા માગી બીજો પ્રભુ પ્રસાદી જેટલોજ પદસંગ્રહ કર્યો; એટલું કાર્ય પુરૂં થતાં તેને પ્રસિદ્ધીમાં મુકવા ધારણા થઈ. લઘુ પુસ્તકને તેમાં પણ વળી પ્રભુપ્રાર્થનાનાં પદને પ્રસ્તાવનાની જરૂર હોતી નથી. પરન્તુ કેટલુંક ખુલાસારૂપ લખવાનું, એ દ્વારા લખવું ઠીક પડે છે. તેથી પુસ્તક જેવી લઘુ પ્રસ્તાવના પણ લખાય એવો લખનારનો હેતુ છે. પ્રથમ ગ્રન્થમાં પ્રભુનું એકજ વિગ્રહ લક્ષ્ય રાખી, મુખ્યત્વે એકજ શ્રી વેંકટેશ નામથી સંબોધી કાર્ય કરેલું છે, પરન્તુ સમય અને સાર્વજનિક વિચારો લક્ષમાં રાખી આ પદમાળામાં પ્રભુના સર્વાનુકૂળ નામો જેવાં કે "ઈશ્વર, ઈશ, વિભુ, વિશ્વપતી," ઈત્યાદી રાખેલ છે, અથવા સત્ય શબ્દોમાં તેણે

પ્રેરી રખાવ્યાં છે; તેમ છતાં કોઈ કોઈ સ્થળે ગુપ્ત પ્રેમ ઉભરી આવ્યો છે ને વચ્ચેવચ્ચે સદાનું વહાલું "શ્રી વેંકટેશ" નામ ડોકીયાં કરી રહ્યું છે.

દીન બાળાના દીન પુકાર, દીનપદ, અને દીનભાવ એજ માત્ર આ દીન લઘુ પુસ્તકમાં સમાયેલ છે, તેનો સત્યકર્તા,—લેખક—વૃત્તિ પ્રકટ કરનાર પ્રભુ છે, એટલે આ તેનું કાર્ય પ્રભુજનમાં પ્રસિદ્ધિ પામી, ઉપયોગમાં આવે કે ન આવે તે એની ઈચ્છાને આધીન છે, પ-રન્તુ મન અધીર હોવાથી પ્રથમ પ્રસાદીપેઠે આ તેની બીજી પ્રસાદી—કૃપા—પણ સર્વ ભાવિક જનોને રૂચીકર થાય એ તેની પાસેજ યાચના થઈ જાય છે. પ્રભુ જેવા પિતા મધ્યબિન્દુ હોય, એટલે બાળના દોષને, ખામીરૂપ ગૌણ વૃત્તાન્તને પ્રસિદ્ધ કરવા શી અગત્ય એવું ધારી તે વિશે વધુ લંબાણ ન કરતાં માત્ર ટુંકમાં સર્વ વાંચકોને ભુલચુક માટે ક્ષમાની વિનંતી કરતાં અંતમાં તેજ પરમ કૃપાઘન સર્વેશ્વરની હજી આ પ્રકારની વધુ કૃપાની વૃષ્ટિ સારૂં પ્રાર્થના કરનાર.

નમ્ર,

દીનબાળા.

# પ્રભુપ્રસાદી પ્રાર્થનાનાં પદ.

## આરંભ.

ગીરધારીરે (રાગ)

પ્રિય સજ્જન રે પ્રશ્ન ન કરીએ એવો
"બાળા! પ્રભુ ત્હારો કેવો?"

શ્રુતિવર્ણન કરી જ્યાં થાકે રે
ગુણ ગાને ન જઈ શકે આઘે રે
ત્યાં આ મતિ કામ શું લાગે રે—પ્રિય સ૦—૧

ઋષિયોની બુદ્ધિ જ્યાં હારી રે
મુનિ ધ્યાને શ્રમિત થયા ભારી રે
ત્યાં અલ્પ મતિ શું બિચારી રે—પ્રિય સ૦—૨

હજી જ્ઞાનીના યત્ન ચાલે રે
પણ લેશ ન લાગે ભાળે રે
ત્યાં આ મતિના શા હાલે રે—પ્રિય સ૦—૩

દેશે દેશમાં ગાનો ગવાયે રે
નવપાર હજી કંઈ પમાયે રે
અલ્પ બુદ્ધિથી, ત્યાં શું થાય રે—પ્રિય—સ૦—૪

કંઇક પંડિત વર્ણવે ગર્વે રે
મથે પહેલાં, અન્તે હારે સર્વે રે
ત્યાં શું ચાલે ક્ષુદ્રનો ગર્વે રે—પ્રિય૦ સ૦—૫

ક્યાં તૃણવત્ આ દીનબાળા રે
ક્યાં પૂર્ણ પ્રભુ એ કૃપાળા રે
(આતો) ગાનમાત્ર પ્રેમાગ્નિજવાળા રે—પ્રિય૦૬

## મંગળાચરણ.

સુંદર શીવ મંગળ (રાગ) (૧)

અખીલ વિશ્વપાલક, પ્રભુ વંદુછું પ્રિતે
મનથી તનથી મતિથી, સર્વ સુરિતે—અખીલ.

સકળ જગતતણો જન્મ જે થકીજ છે
વર્તમાન સ્થિતિ ત્હેની જે થકી રહે
અન્ત પ્રલય વિશ્વતણો જે થકી બને
નમું એ પતિને પ્રીતથી,
અઘહરતે, સુખકર છે, શુભ કરશે સર્વ
સુરીતે—અખીલ.

વિવિધ વિનિત પ્રાણી તણો રક્ષક જે છે
દિક્ષા ખરી રક્ષણની લીધી જેમણે
વર્તન એ અવિચ્છીન જેનું થાય છે
નમું એ પતિને પ્રીતથી,

અધહરતે, સુખકર છે, શુભ કરશે, સર્વ
સુરીતે—અખીલ.

શ્રુતિ શીરે પૂર્ણ દીમ જે રહેલ છે
આદી અન્ત સદા બ્રહ્મ જે ગવાય છે
શ્રીનિવાસ નામથી, જે પ્રકટ પ્રકટ થાય છે
નમું એ, પતિને, પ્રીતથી,
અધહરતે, સુખકર છે, શુભ કરશે, સર્વ
સુરિતે—અખીલ.

તે વિશે હું ભક્તિ જ્ઞાન નિત્ય! માગુંછું
સ્થીર થાઉં કાર્યમાં એ સ્હાય યાચુંછું
દીનબાળા પ્રાર્થી ફરી પાય લાગુંછું
નમુંછું પતિને પ્રીતથી,
અધહરતે, સુખકર છે, શુભ કરશે, સર્વ
સુરિતે—અખીલ.

## પ્રભુ ધાર્યું તુજ થાશે. (રાગ) (૨)

### લાવણી.

ઓ ઈશ્વર ' મુજપિતા, '
હું જીન્દગીના દુઃખી રસ્તામાંય.
ભટકું જ્યારે વદતાં,
ત્યારે શિખવો આ ઉચ્ચાર.
" પ્રભુ ધાર્યું તુજથાશે "—1.

સહન કરાવો શાન્તિ થકી ( જો )
હોય ભાગ્ય વિષે મુજ દુઃખ.
દિવ્ય આદેશ દીધેલ તમારો,
ઉચરાવો વિભુ નિત્ય.
" પ્રભુ ધાર્યું તુજથાશે "—૨.

નિશ્વાસો નાંખી એકાન્તે,
( જવ ) શોચું (ગત) વ્હાલાંમાટ.

તવ તુજ ઇચ્છા અનુસરતાં,
આદેશો વદવા આમ.
"પ્રભુ ધાર્યું તુજથાશે"—૩.
ત્યાગ કરાવો (જો) મ્હારાંનો—
જે ન, હોય કદી મુજ નાથ.
ત્હારૂં તુજને અર્પણ કરીને,
શરણે આવું તાત.
"પ્રભુ ધાર્યું તુજથાશે."—૪.
આશા ગ્રસ્ત (થતાં) મુજ મનને,
દિવ્ય બળે આશ્વાસન આપ.
મ્હારી ચિંતાઓ હું સર્વે,
મુકુંછું તવ હાથ.
"પ્રભુ ધાર્યું તુજથાશે."—૫.
મ્હારી આ આકાંક્ષાની (તું)
પ્રતિક્ષણે કર વૃદ્ધિ તાત,

તુજ ઇચ્છામાં મેળવી ત્હેને,
મુક્તિ મુજને આપ.
"પ્રભુ ધાર્યું તુજ થાશે."—૬.

---

(રાગ) માઢ. (૩)

મન એક સ્થળે મુજ લાગ્યું રે,
ભય શા કાજે હું ધરૂં.
અસ્થિરતાનું દુઃખ ભાગ્યું રે,
ભય કેમ ન ત્યાગ કરૂં—ટેક.

પ્રથમ પ્રભુ ત્હારામાં પુરી,
શ્રદ્ધા નહોતી નાથ.
મન હિંચોળા ખાતું સર્વદા,
વૃત્તિ રહેતી ન હાથ.
તે તારી કૃપાથી જાગ્યું રે—ભય ૧.

ધીરે ધીરે સ્થિરતા આપી,
દુર કરી સૌ ક્ષોભ.
તુજ ગુણ વર્ણનરૂપી મોહે,
પૂર્ણ વધાર્યો લોભ.
એણે અન્ય દુઃખ કર્યું આધું રે.—ભય. ૨
સદ્બોધો સત્સંગોદ્વારા,
સમાધાન કરી સર્વ.
મુજ અલ્પ બુદ્ધિને ઉચિતજ,
સમજાવ્યો સહુમર્મ.
મળ્યું મુજને મનનું માગ્યું રે—ભય. ૩.
દીન બાળાને ઉચ્ચ દીર્ઘને,
અપૂર્વ ના કાંઇ આશ.
શ્રદ્ધારૂપી દાન થકી તે,
તુષ્ટ રહે દિન રાત.
અધટિત માગવું ત્યાગ્યું રે—ભય ૪.

(રાગ) ખમાચ. (૪)

મુજ ખરા દુઃખોમાં
એક ઇશ તું, શાન્તિ દેનારો,
શાન્તિ દેનારો,
હરી! કષ્ટો હરી લેનારો—ટેક.

સ્વજનોને સુખશાન્તિ આપે,
એ સ્વભાવ ત્હારોરે
હું પુકાર કરૂં ઓ પ્રભુજી,
હાથ ગૃહો મ્હારો રે—મુજ ૧.

વિધ વિધ કષ્ટ સહ્યું છે મ્હેં ને,
હજી બહુ સ્હેવાનું રે.
માત્ર આપની આશા મનમાં
રાખી રહેવાનું રે—મુજ ૨.

નામે હું કહેવાઇ ત્હમારી,
હવે નહીં છોડો રે.

દુઃખથી દીન બની છું દેવા,
કર નવ તરછોડો—મુજ ૩
મ્હારે તો દુઃખ કંઈ નવિન નથી,
સર્વે સહેવાશે રે.
પણ તુજ જનનો પરાભવે,
થાતો એ કહેવાશે—મુજ ૪
સ્હાય કરો કે સુણો નહીં પણ,
છે તુજ શરણ ગૃહ્યું રે,
દીન બાળા તે ત્યાગ કરે નહીં,
કરશે ત્હારૂં ચહ્યું રે—મુજ ૫.

---

દીન જાણીને ઉગારો રે. (રાગ) (૫)

હે હરિ, ગુણના નીધાની રે,
કરૂંછું પુકારો અજ્ઞાની
આપો અતી તોયે તૃપ્તી થતી નથી—
લજ્જા યાચકને શાની રે—કરૂં છું ૧.

દેહ પીડા હોયે વિધ વિધ તેમાં,
મન દુઃખ વૃદ્ધિથી હાની રે—કરૂં છું ૨.
પ્રેમનું દાન હે દેવ! દીધું છતાં,
દ્વેષરૂપી રહી ખામી રે—કરૂં છું ૩.
દ્વેષ એ, ને અન્ય દુર્ગુણ ક્હાડી,
કરજે તું દોષ વિનાની રે—કરૂં છું ૪.
મંગળકારક પ્રેમી પ્રભુનાં—
—દાસને સ્થિરતા ન શાની રે—કરૂં છું ૫
હસ્તગ્રહી, દોષને હરી કરજો,
દીનબાળાને મનમાની રે—કરૂં છું ૬.

---

હરી નિમાતે દેનાર (એ રાગ) (૬)

મ્હારે એક તું આરામ પ્રભુ પ્યારા પૂર્ણકામ
નથી અન્ય કોથી કામ, મ્હારે સાચો તું
વિશ્રામ—ટેક.

માત આશ્રિતની છે, તાત જગતનો તે
છે દયા થકી પૂર્ણ તું હે! કૃપાતણા
ધામ!—મ્હારે ૧.

બાળ બની હું ને, જનનીનું શરણું છે
હવે માતાવિણ અન્ય સ્થળે મ્હારે ક્યાં
વિરામ—મ્હારે ૨

બાલુડાં ભુલ કરે, માતા ચિત્તે નવ ધરે
છોરૂ થાય છે કછોરૂ માતા કુમાતા ન
શ્યામ—મ્હારે ૩

કોપે કદી લેશ ભલે, બાળપદમાંજ પડે
ત્હેના પાદ પકડાયા પછી, હારે કેમ
હામ—મ્હારે ૪

પાદે વળગી છું પ્રભુ, દીનબાળા એથી નણું
કરે કોપ રહે રીઝી-તોયે ખસું હું શું
કામ—મ્હારે ૫

---

માઢ (રાગ) (૭)

પ્રભુ ચરણે પડી હું પ્રીતેરે,
હવે બીજી શી આશ ધરૂં
ત્હારૂં શરણું ગ્રહ્યું સુરીતેરે,
અન્ય યાચન હું શું કરૂં.
મંગળકારક નામ સ્મરણથી,
વ્યથા કરી બધી શાન્ત
ઉરે ભાવ પ્રકટાવ દીવ્ય તું,
ગુપ્ત રહી મુજ કાન્ત
તેથી અન્ય ચહું શું ચિત્તે રે—હવે ૧
ભિન્ન પ્રકારે વિધવિધ રીતે,
હૃદય કરી મુજ સ્થિર
દિવ્ય ઉર્મીથી ભરી ઉર શીશુનું,
શ્રદ્ધા સ્નેહે કરો ધીર
તેથી વધતું ચાહું શું ચિત્તે રે—હવે ૨

ખરા વખતમાં અપૂર્વ છાનું,
રક્ષણ કરતા તાત !
કરી કરાવી શાન્ત્વન મનનું,
અનુભવ શુભ દ્યો નાથ,
તેથી વધે બીજું શું હિતે રે-હવે ૩
અરવિન્દે જે ભ્રમર રહે તે,
લુબ્ધ બને તે માંહિ
મધુ કમળ વિણ અન્ય ન ઈચ્છે,
એવી પ્રીતિ હવે ચાહી.
તેથી અન્ય વધે શી રીતે-હવે ૪
પુર્ણ દયાળુ તાત, માગુંછું.
વધારજો શુચિ પ્રેમ
દીન બાળાને અન્ય ન આશા,
પ્રેમથી પૂર્ણ છે ક્ષેમ.
શુભ મંગળ ગાઉં એ ગીતે રે-હવે ૫

ભૈરવ ( રાગ ) ( ૮ )

હરિ ! બાળ પુકારે વ્હાર કરો,
વ્હાર કરો અઘસઘ હરો—હરિ !
અભીષ્ટ વર દેનાર ગણાયા,
કાં નવ દીનપર દૃષ્ટિ કરો—હરિ ! ૧
દુઃખ સમયે ભુલું ત્હને ઘડી ઘડી,
કાં નવ શિશુને હૃદય ઠરો—હરિ ! ૨
ગુંચવણમાં ગુંથાઇ જાઉં છું,
કાં નવ ગુંથન મુક્ત કરો—હરિ ! ૩
વિસરૂં ક્ષણ ક્ષણ તારી કૃપાને,
કાં નવ પુરો પ્રેમભરો—હરિ ! ૪
અસ્થિર ચંચળ મતિ અતી છે,
કાં નવ હજી દૃઢ પુરી કરો—હરિ ! ૫
તુજ આશ્રિતમાં યોગ્ય ન આસહુ,
હવે ખરે ખરી સ્હાય કરો—હરિ ! ૬

શરણાગત કહેવાઇ કૃપાથી,
ગૃહી બાંહીને બળે ધરો—હરિ ! ૭

દર્શાવેલ દયા વધુ જણવો,
જીવન અન્ત સુધી સંગી ઠરો ! ૮

અન્ત પછી પણ દીન બાળાને,
ચરણ કમળમાં સ્વીકાર કરો—હરિ ! ૯

---

શ્રીપતિના ગુણ ગાઉંરે. ( રાગ ) ( ૯ )

વિભુના વૈભવ ગાઉં રે, સર્વ મંગલ થાશે
તૃપ્ત એ ગાનથી થાઉં રે—સર્વ મંગલ થાશે.

અનંત વ્યાપક વિશ્વ વિભુ છે,
સમર્થ તેને હું સ્હાઉં રે—સર્વ૦ ૧

દયાને પ્રેમનો સાગર તે છે,
અનુરાગી એવાને ચ્હાઉં રે—સર્વ૦ ૨

સચરાચરમાં નિરાકાર રહે છે,
વ્યાપકને નિત્ય ચ્હાઉં રે–સર્વ૦ ૩

કૃપાકૃતે સાકાર બને છે,
એ દિવ્ય મૂર્ત્તિ! ને ધ્યાઉં રે–સર્વ૦ ૪

સર્વરીતે જે સ્વતંત્ર હરી છે,
એ સર્વેશ્વર પદગ્રાહું રે–સર્વ૦ ૫

પ્રિતથી પરવશ નિત્ય પ્રભુ રહે,
દીન બાળા ત્હેની થાઉં રે–સર્વ૦ ૬

---

સોરઠની ગરબી. (૧૦)

વિનયથી વંદી યાચું સ્વામી વિનતી સ્વીકારજો રે,
અરજઉર ધારજો રે–વિનયથી.
પદ સેવાની વૃત્તિ દેજો,
મુજ મતિ દૃઢ તેમાં કરી લેજો,

દિન પ્રતિદિન એ વૃત્તિ વધુ વધારજોરે—
અરજ—વિનયથી.

સેવસ્પૃહા ના કાંઈ આશથી,
અન્ય ઈચ્છું ના આપ પાસથી
દીન પ્રતિ દીન એ વૃત્તિ વધુ સુધારજો રે—
અરજ —વિનયથી.

સેવું ત્હારે માટે તુજને,
તુજ પ્રાપ્તીની ઈચ્છા મુજને
અચળ કરી એ વૃત્તિ, વિઘ્ન વિદારજો રે—
અરજ—વિનયથી.

વિધિ નિષેધના નિયમો પાળી, કરૂં સેવ સ્વેચ્છાને
ટાળી; તવ આજ્ઞાને માનું, કષ્ટ નિવારજોરે
અરજ—વિનયથી.

નિત્ય અવિચળ કૈંકર્યે રહું,
દિન બાળા એ સત્ય હું ચહું
સર્વ જ્ઞાત છે તહમને, બાળ ઉદ્ધારજો રે–
અરજ–વિનયથી.

---

નવ થાય દ્દષ્ટિથી દૂર રે એ ( રાગ ) ( ૧૧ )

થવા નવ દે હૃદયથી દૂરરે,
શ્રીહરિ નામ તહારૂં રે ધામ તહારૂં
કરે દૃઢ અચળ મ્હારે ઉર રે–શ્રીહરિ.
શ્રવણ કરે જે ઉર પડયું, નામ સુધા સુચી લેશ
તે અમૃત વૃદ્ધિ કરી, કરો પાન તૃષા વિશેષ રે
–શ્રી હરિ. ૧
મનન થકી જેમાંનીયું, રૂપ અતિ પ્રિય ચિત્ત
નિશ્ચલ ટકીને ત્યાંહી, તે,
વધુ વહાલું થાએ બહુ રીત રે–શ્રી હરિ. ૨

દર્શનથી દીવ્યાકૃતિ, ઓળખીને મનમાંય
તેજ સદા રહે હૃદય ત્યાં,
ક્ષણે ક્ષણે સ્મરાવે ત્હને રાય રે—શ્રી હરિ. ૩
દીન બાળા યાચેજ એ, નામ ઉરે સ્થિર થાય
તુજ ઇચ્છા આધીન તે,
હવે મુખથી વધુ શું કહેવાય રે—
શ્રી હરિ ૪

---

મહને ભુલી ગયો છે. (રાગ) (૧૨)

ઇશ આમ્રફળની શી દશા? કૃપા કરો રે
નવ અન્ય સુઝે કંઈ હવે ઉપાય—જગરાય
આમ્ર—1
વિશ્વવાડી તણા માલીક માળી ત્હમે રે
વૃક્ષ વિધવિધ ત્યાં પ્રકટ કરો તાત, ભલી ભાત—
આમ્ર—૨

એક સુવૃક્ષે આ આમ્રફળની ઉત્પત્તિ રે
સત્ય રક્ષક ફળવૃક્ષ તણા એક, તે હમેશ—
આમ્ર—૩

ફળ અધુરૂં મધુરૂં રાખ્યું નાથજી રે
નવ ઉપયોગી ભોગ્ય તે જરાય, વિશ્વરાય—
આમ્ર—૪

રહ્યું હોત પૂર્ણ અપરિપક્વ તે યદી રે
તો, ન વાડી માંહી આવી સ્થિતિ થાત, ન ગભરાત—
આમ્ર—૫

કિન્તુ કરો પરિપક્વ હવે તો પુરૂં રે
જેથી ભોગ્ય આપનું, એ નિત્ય થાય, ઘો સહાય—
આમ્ર—૬

મીઠાં બનવાની સ્પૃહા સ્વાભાવીક છે રે
પરીપક્વનું શું સ્વાદ—મુલ્ય હોય, લેશ ન હોય—
આમ્ર—૭

દીન બાળાને—ફળને—મીઠું કરો રે
આપ અને આપજનને કરો ભોગ્ય, અતિ યોગ્ય—
આમ્ર—૮

---

અલબેલી રે અંબે માત (રાગ) (૧૩)

તુજ શરણે આવું તાત, વિભુ મુજ કર સાહો
ભમું અન્ધકારમાં, નાથ! કર ઝાલી કહાડો—1

## સાખી.

સઘળી વસ્તુ જાણી ત્હારી, અહંકારને ત્યાગું રે
ઇચ્છિત તારૂં કરવા ચાહું, ગણું સદા એ વહાલું
વિભુ મુજ કર સાહો—૨

અતિ વિષમ લાગે એ પંથો, અથવા લાગો શાન્ત રે
માત્ર ત્હારૂં અવલમ્બન ધારી, ચહું સત્યને ના,થ
વિભુ મુજ કર સાહો—૩

હોય કદાપિ શક્તિ તોપણ, ધાર્યું ન કરવા ચાહું રે
યોગ્ય પ્રભુ મુજ હિતના માર્ગો, દર્શાવો તે ચાહું
વિભુ મુજ કર સાહો—૪

કેવળ ત્હારા ભુવનની ઇચ્છા, રહીછે વ્હાલા તાત રે
તે સ્થાને પહોંચું તે માર્ગે, ચ્હડાવી ઘો હે બાપ
વિભુ મુજ કર સાહો—૫

ભટકું પુરા અન્ધકારમાં, અતિ ભયથી વિંટાઇ રે
પિતા, મુક્ત કરો તેમાંથી, સત્યપંથ પરખાવી
વિભુ મુજ કર સાહો—૬

ત્હારા સુખ આનંદ તણું હું, મધુરામૃત ઈચ્છુંછું રે
પાન કરાવો તાતજી ત્હેનું, રંક થઈ વિનવું છું
વિભુ મુજ કર સાહો—૭

એવિના માગું નવ કાંઈ, ઉચિત શ્રેય તું કરજે રે
તુજ ઇચ્છિત સ્થાને ઇચ્છિત, વહાલાંઓ વચ્ચે ધરજે
વિભુ મુજ કર સાહો—૮

## (૧૪) શાખરીણી.

કૃપાળુ નેતા હે! કર ગ્રહિજ દોરો ગૃહભણી
પ્રતાપી જ્યોતીહે! તવ દ્યુતિથી દોરો ગૃહભણી.
ભુલીપંથો મ્હારા, ગૃહથી ભટકું હું દુર અતી.
બતાવી માર્ગો ને સરલ કરી દ્યો પંથ બળથી.
ન પ્રાર્થું જોવા હું, પ્રભુ તવ પ્રભાથી દુરસ્થળે
અભિલાષા તેથી, સમિપ સ્થળની છેજ ઉચીત
પ્રભુ વિશ્વાસેથી, નિયમીત ક્રમોને અનુસરૂં
મનાએલા માર્ગો, સહન કરી શાન્તી ધરી રહું
ઘણા ભક્તો તાર્યા, તવદ્યુતિ તણા તેજ થકી ત્હેં
ઘણાને દોર્યા છે, અતિ પ્રબલિતા તેજ દિપકે
પ્રભુએ દ્યુતિનું, પરમસુખ દ્યો દોરીજ મ્હને
અને એ કાન્તિનાં, શરણથી બતાવોજ ગૃહને

---

(૧૫) અરે અવાં માંઝ્યાં ક્ષત્રી બચ્ચે કામ (રાગ)

જ્યાં જ્યાં જોઉં ત્યાં ત્હારો છે પ્રભાવ
પ્રભુ હું તને પાય પડું રે
ભાખી લઉં ત્હારા કૃત્યોનો લ્હાવ ,, ,,
જોઈ વસુધાને સાગર પર્વત ,, ,,
દેખુંજગે જગ ત્હારૂં સામર્થ્ય— ,, ,,
સર્વ બ્રહ્માંડોનો તું છે પાલક ,, ,,
વર્ણવી શકુંશું ક્ષુદ્ર હું બાલક ,, ,,
જેમ જેમ વિચારૂં ત્હારૂં કામ ,, ,,
તેમ મંદ મતિ હારી જાય હામ ,, ,,
આ સર્વ તુજ લીલા જણાય ,, ,,
ત્હારી અકળ કળા ન કળાય ,, ,,
ત્હારા ગુણને બળ થકી મોહી ,, ,,
ધ્યાન સદા રાખું તુજમાં પરોઇ ,, ,,

(૧૬) સુડલા કાયલડીને વીનવે રે. (રાગ)

પ્યારા પ્રભુજી તને વિનવું રે, એવી મતી દેજે
નાથ કૃપાળુ હે! તાત-કદી હું તને નવભુલું રે ૧
નિમગ્ન રહું તુજ ધ્યાનમા રે, ગાઉં એવા દિનરાત
દયાળુ હે! નાથ—કદી હું. ૨
દુઃખના સમયમાં વિશ્વાસથી રે, તારી સદી રાખું હામ
કૃપાના હે! ધામ—કદી હું. ૩
આશાનિરાશાને નવ લહું રે, ચિત્ત રહે મુજ શાન્ત
દયાળુ હે! કાન્ત—કદી હું. ૪
રંક બાળક અપરાધી છું રે, ક્ષમા કરો મુજ પાપ
કૃપાળુ હે! બાપ—કદી હું ૫.

---

(૧૭) કૃતિ સ્હામું પ્રભુ—(રાગ)

કરજોડી નમું પ્રભુ! હું ત્હમને
કરૂણા તણા રત્નાકર હે,!

સ્વામી વૈભવ શ્રીસહ સેવું
ઈચ્છા ઉરે રહે એવીજ મ્હને—કરૂણા—૧

અપરાધો મુજ સર્વ નિવારી
પ્રેરો મતિ નિરઅપરાધી મ્હને, ભાવથી
પ્રાર્થું હું પુર્ણ મને—કર.

વિમળ સેવ, નિર્દોષ કર્મમાં
સદા જોડો દયા કરીને મુજને, ભાવથી
પ્રાર્થું છું પુર્ણ મને—કર.

હે ભગવન્ત! દયા અનન્ત છે
હામ ધારી તેથી વિનવ્યા તહમને, દોષ
ભુલી ક્ષમા દેજો મ્હને—કર.

દીનબાળા શ્રીહરિ! ચરણે પડી
શ્રીઆયુધ ભુષણયુક્ત તને, ઘો કૈંકર્ય
દાન શિશુને—કર.

(૧૮) ગીરીવાસી વ્હાલારે. (રાગ)

અતિ દુર્લભ છે પ્રભુજી ! ગાવાં તુજ ગુણગાનો
નથી સઘએ પ્રાપ્તજરે, સુધારસ મન માન્યો
—અતિ.

સાખી—તન મનને ધનની વ્યથા, એ રૂપ અરિ
તૈયાર
વિઘ્નોરૂપી ખડ્ગથી, હણે શક્તિ વીણવાર
તનબળને લુંટેરે, શુદ્ધિ મનની હરી લે.
ધનવ્યર્થ ગુમાવેરે, પ્રહાર કરે અતિશે
—અતિ.

સાખી—મધ્યે વળી શંકારૂપી, ઉદધી રહ્યો મહાન
કુતર્કરૂપ તરંગમાં, ડુબી ભુલાય છે ભાન
ભિન્ન ભિન્નછે વિઘ્નોરે, કંઇ રીતે આવે તે
નિજરૂપ વિવિધ કરીને, વિલક્ષણ ફાવે
છે—અતિ.

સાખી—દીન બન્ધુ! એ સર્વમાં ઉપાય એક જણાય
સરળ સુલભ દેવીરૂપી ભક્તિમાત્રછે સ્હાય
દેવી એ વશ ત્હારેરે, એથી થશે ઉરચાહ્યું
દીન બાળા માગે રે હરિ! ઘો શરણ
સાહ્યું—અતિ.

---

(૧૯) ઝીંઝોટી.

દયાસિન્ધુ—જગદીશ ગણાએ, મ્હને ન કેમ
જણાએ એ
કૃપાસાગરા સર્વ કહેતે, અનુભવકાં નવ થાયે
રે—દયા.
દૃઢતા મનની યાચું નિત્યે, તે પ્રભુ! લેશનઆવેરે
કરવા શક્તિ તોય ન કરતા, એ, શો! આપ
સ્વભાવે રે?—દયા.
વ્યથા શરીરની અળગી થાવા, શાન્તિ સદાય
માગું રે

ઈચ્છું સેવમાં તત્પર બનવા (પણ) કષ્ટ ન થાયે
આધુંરે—દયા.
તુજને પ્રિય તેવાં કાર્યો, આરંભુ પ્રિતે કંઈ કંઈરે
તે સર્વે રહે અપુર્ણ સ્વામી, ઇચ્છિત મુજ થાયે
નહિ રે—દયા.
સાધુ, સજ્જન "પ્રભુ દયાળુ" એવું વદેછે નિત્યેરે
અનુભવ જુદો, શંકાધારૂં, સ્વસ્થ કરો કંઈ રીતેરે
—દયા.
પાત્ર મૃત્તિકા છું દીનબાળા, ભારવહ્યુ નવદેશો રે
ફુટી થાશે ચૂર્ણ પ્રભુજી! બાળભાળ ઝટ લેશો રે
—દયા.

---

(૨૦) મરાઠી ચાલની સાખી.

વિણાછું વિશ્વેશા ત્હારી, મંદ પડ્યા છે સુરો
ઉંચાનીચા સ્વરો નીકળે, ઝરે ન રસ મહીં પુરો
હે વિભુ! વ્હાલી વીણાને સુધારો—૧.

પ્રથમ વાગતી એક તાનમાં, મધુર ભાવ દર્શાવી
શાન્તિદાયક સુરો નિકળતા, હવે દશાથઈ આવી
હે વિભુ! વ્હાલી વીણાને સુધારો—૨
તાર તુટયો કે સુર કો બગડયો, વીણા બની બેસુરી
વિરૂદ્ધ વિચિત્ર સાદ બન્યા છે, મીઠાશ રહી અધુરી.
હે વિભુ! વ્હાલી વીણાને સુધારો—૩.
વાદ્ય ન વાગે નિજશક્તિથી, વગાડનારો હોયે
તું આ વીણા વગાડનારો, બગડી કેમ તે તોયે
હે વિભુ! વ્હાલી વીણાને સુધારો—૪.
નિજબળથી નથી સુરો નીકળ્યા, પ્રથમ હાલકેકાઢી
યન્ત્રીયન્ત્રને સાચવનારો, સુરોતુટયા સ્થિતિતોશી
હે વિભુ! વ્હાલી વીણાને સુધારો—૫,
દીનબાળા વીણાછું વ્હાલા, મંદ સુર કરજો તેજ,
એક સાદમાં એક તાનમાં, પ્રિય મધુરી કરોએજ,
હે વિભુ! વ્હાલી વીણાને સુધારો—૬.

(૨૧) "બતાદે સખી કોન ગલી ગયો શ્યામ." (રાગ)

પ્રભુજી ત્હમે સાચા સંબંધી છો એક
સાચા સંબંધી છો એક—પ્રભુજી ત્હમે.
એક સંબંધી આપ ખરા પણ
સંબંધ વિવિધ અનેક—પ્રભુજી ત્હમે—૧.
તાત માન્યા મેં તો, શ્રેયજ કરશો
હિતકર પિતા હમેશ—પ્રભુજી ત્હમે—૨.
જનની ગણું છું પ્રભો! પ્રિયકારક છો
વત્સલમાત ખરેજ—પ્રભુજી ત્હમે—૩.
ગુરૂ કહુંછું શીખવજો વિભુ
ભક્તિ નીતિ પાઠ હરેક—પ્રભુજી ત્હમે—૪.
અખિલ જગત ને મ્હારી ગતિ છો
તમ પ્રતિ વહીશું પ્રત્યેક—પ્રભુજી ત્હમે—૫.
દીન બાળાએ લહ્યો સંબંધને
રાખજો હવે તેનો ટેક—પ્રભુજી ત્હમે—૬.

## (રાગ) પિલુ.

(૨૨) "વેંકટ વરમાં એ વડી ખામી" (રાગ)

વિશ્વવિભો થયા છો ત્હમે સ્વામી
તોયે રહે કેમ બાળમાં ખામી—વિશ્વવિભો.

શાન્તિ રહે નહિં, ચિત્ત ઉડે કંઈ,
થાય વ્યથા બહુ નકામી નકામી—વિશ્વ૦—૧.

જાણે અજાણે હજી કરૂં દોષો
કેમ થશે મ્હારૂં, હે ગુણ ગ્રામી!—વિશ્વ૦—૨.

જાણું ઉપાય છતાં આચરૂં નહિ
થાઉં સદા તાત હું તુજ સ્હામી—વિશ્વ૦—૩.

દુઃખને દોષથી પાત્ર ભરાયું
ત્યારે દયા માગું છું ભય પામી—વિશ્વ૦—૪.

નિત્ય હવે હું રડું વિનવું છું
રાખો પ્રભુ શાને હજી બહુ ખામી?—વિશ્વ૦—૫.

અંતર દુઃખની, ભાવિક ઉર્મીથી
કરગરૂંછું સુણજો પુણ્યધામી!—વિશ્વ૦—૬.
દીવ્ય પિતુ! દીનબાળા રૂદન કરે
દયા દૃષ્ટિ કરો બાળની સ્હામી—વિશ્વ૦—૭.

---

(૨૩) ભુજંગી.

કરૂં વંદના પ્રેમથી વિશ્વનાથ
સ્મરૂં સર્વ ત્હારી દયા જે અગાધ
કૃપા જાણવાની ખરી શક્તિ દેજો
સદા દિવ્યજ્યોતિ શિશુ ચિત્ત રહેજો.—૧.
દયા જાણું હું તોય નિત્યે ભુલુંછું
વૃથા શોક સિન્ધુ મહિં હું ડુલુંછું
દુઃખી બાળના ચિત્તને શાન્તિ દેજો
સદા દિવ્યજ્યોતિ! શિશુચિત્ત રહેજો—૨.

નથી ધર્મનિષ્ઠા નથી ભક્તિ ગાઢ
નથી તત્વનું જ્ઞાન કે ભાન તાત
સ્થિતિ આવી તેથી પ્રભો! ભાળ લેજો,
સદા દિવ્ય જ્યોતિ! શિશુચિત્ત રહેજો—૩.

નથી પાર ત્હારી કરૂણાતણો ને,
મ્હને આશ ત્હેની ચિત્તે નિત્ય રહેછે.
અતિ દીન હું બાલિકા હસ્ત સ્હાજો,
સદા દિવ્ય જ્યોતિ શિશુ ચિત્ત રહેજો.—૪.

---

(૨૪) પ્રભાતિયું.

ત્યાગી નિદ્રા અને જાગૃતિ મેળવી, સ્મરણ કરૂં
પ્રેમથી ઇશ ત્હારૂં
રૂપ સુગુણો સ્મરી, હૃદયમાં નિરખીને, દિવ્ય મૂર્તી
પછી ધ્યાન ધારૂં

જે રીતે બાળ-નિદ્રા કરી દુરને પ્રાતઃકાળે દીધી
જાગૃતિ ત્હેં
તે રીતે ટાળી અજ્ઞાન આ રંકનું, શુદ્ધબુદ્ધિ
સદા નાથ દેજે-૧.

સુર્ય થઇ ઉદયને રાત્રીનું તમ હરે, પાપી અ-
ન્ધાર ભય ધારી ન્હાસે
જ્ઞાનરૂપી રવી ઉદયકર તુજ બળે, જેથી અઘ
વત્સનાં સર્વ ત્રાસે
ભાનુ નિજ કરણથી શુદ્ધતા સ્વચ્છતા જે પ્રકારે
જગે ફેલવે છે
તે પ્રકારે બધી જ્ઞાનની રશ્મીઓ, હૃદયમાં
વિમલતા ફેલવી દે-૨.

અચળ નિષ્ઠા ખરા હૃદયની ભક્તિને પ્રબળ
નિતી ગણું જ્ઞાનરૂપે

વિવિધ જ્ઞાનો બીજાં અલ્પબુદ્ધિ થકી ગ્રાહ્ય, ના
માંગ્યું જે તે પુરૂં છે
જ્ઞાન તેવું મ્હને આપ આપો વિભો, જ્ઞાન
ઉદધી ગણાઓ સદાય
દીન બાળા મતિ શક્તિને યોગ્ય જે જ્ઞાન તે
યાચતી જાગી જાય—૩.

---

પદ.

(૨૫) ધાજોરે ગરજે વનમાં મેહુલો—(રાગ)

વ્હારેરે, ચઢજો મ્હારે હે હરી!
આર્ત અતિશય બનીને બાળ પુકારે રે—
વહારે રે–૧

સર્વાન્તર્યામી સર્વેશ્વર છો પ્રભુ!
જાણું છું તદપી અરજી ઉચરી–વહારે રે–૨

સર્વ સ્થળે વ્યાપક છો વિષ્ણુ નામ છે,
અંતરમાં વાસ છતાં કહું કરગરી–
વ્હારે રે–૩

પરખ્યા સમજી બંધાણ્યો સંબંધ જો,
હજી પ્રભુ કાં નવ બાળ વ્યથા હરી–
વ્હારે રે–૪

અંતરની વિહ્‌વળતા અંતર સ્વામી રે
લહો ત્હમે તોય અંતરે કાં ઠરી–વ્હારે રે–૫

અનેક પીડા બાળ ભોગવે તાતજી
શાન્તિથી કેમ નિહાળો તે બધી–
વ્હારે રે–૬

નિર્મિત મ્હારૂં ભાગ્ય ભોગવું હું લહું
બહાનાંની લાજ ન કાં હૈયે ધરી–વ્હારે રે–૭

દયાસિન્ધુ ! દે અભય સ્વજનને કહેજનો
તેમાંહી બાદ મ્હને શું ત્હેં કરી—વહારે રે—૮
ધૈર્ય અને દૃઢતા પ્રભુ જનમાં યોગ્ય છે
વૃત્તિ ત્હેં કેમ ચળીત મ્હારી કરી—
વહારે રે—૯
દયા કરો દીનબાળા આશ્રય એક છો,
શું વદવું ! સહાય કરો શિશુને સ્મરી—
વહારે રે—૧૦

---

( ૨૬ ) વૈદર્ભી વનમાં વલવલે—( રાગ )

જાઉં ભુલી પ્રભુ હું અતી, ઉપકાર અગાધ
સ્મરણે અહર્નિશ નવ રહે કૃપા હે જગતાત
—જાઉં—૧
હોય કદી ચિત્ત સ્વસ્થ જો સ્મરૂં પ્રેમ અપાર
ઈશ ! અનુગ્રહ પારખી, માનું તો આભાર
—જાઉં—૨

ક્રોધી મન હોય અશાન્તજો, કરૂં ક્લેશ વિશેષ
ભુલું દયા દોષ દઈ દઉં, સમજું નહિં લેશ
—જાઉં—૩

બહુધા અસ્વસ્થ દશા રહે, ચિત્તની કૃપાનાથ
દુર કરી તે આપો મ્હને, શ્રદ્ધા વિશ્વાસ સાથ
—જાઉં—૪

દીનબાળાના દોષો, પ્રભુ! ક્ષમા કરીને સર્વ,
અનુગ્રહ પારખવા તણો, કરાવો સદા ગર્વ
—જાઉં—૫

---

(૨૭) ભેરવી (રાગ)

મંગળકારક ઈશ! સદા છો ત્હમે
મંગળકારક ઈશ!
વિનવું નમાવી શીશ—સદા છો ત્હમે
મંગળકારક ઈશ.

મંગળકારક, શાન્તિદાતા, છો સ્વાભાવિક તાત !
સર્વ તણું કલ્યાણજ કરશો એ આશા ઉર
ગાઢ—સદા
દુ:ખહર, વિઘ્નો ટાળનાર હરી! સમર્થ સ્વામીશીર
શુભ ઇચ્છી અઘ કષ્ટો હરશો, બનું શા કાજ
અધીર—સદા.
સ્નેહ સ્વજનમાં, શાન્તિ જગમાં દ્યો પ્રસરાવી
અમાપ
સહસ્ર શુભકર, કર પ્રભુ તેથી આશીશ આપો
આપ—સદા.
વિશુદ્ધ સુખદા, અમી દૃષ્ટીથી અમી વરસાવી
નાથ,
સર્વસ્થળે મંગળ જય કરશો, દીનબાળાના
તાત !—સદા.

(૨૮) લલિત (છંદ)

વિનવું હું પ્રભો ! દીનતાકરી
નજરૂ નાંખ તું, પ્રેમથી ભરી
સ્થિર નહીં રહું, પ્રેમને ઝુલું
અશુચિ સંશયે, સર્વદા ભુલું–૧

વચન બોલું ને, વર્તું તેવું ના
દઉંછું દોષ હું, પારખ્યા વિના
હિતઅહિતને લેશ ના લહું
મનનું માન્યું હું, સર્વ તો કહું–૨

શરમ લેશના, શું વિચારીયું ?
નવલ જાઉં હું, કેવું ધારીયું ?
નહિજ તેથકી, રોષ તું કરે,
પ્રભુ ક્ષમાપ્રિતિ પૂર્ણ તું ધરે,–૩

તવ ઉદ્દારતાથી, તું માફી દે
શિશુ ભુલો નહિં, લક્ષમાંહી લે
કર સદા કૃપા, દીનબન્ધુ હે !
દીન હું બાલિકા, યાચી વન્દુ એ.—૪

(૨૯) તારોરે (રાગ)

ડુબું પ્રભુ ! દુઃખરૂપી દુસ્તર સિન્ધુમાં રે
કર ગૃહી કાઢો મ્હને બોજો શો બિન્દુમાંરે—ડુબું
અન્ય અવલંબન, દૃષ્ટિ નપડે કોઈ રે
હરિ, હસ્તઝાલો, જોયા શરણ્યને મોહીરે—ડુબું
નાવ નથી બીજી તારાવિણ કોઈ મ્હારે રે
દુસ્તર સાગરે તું વિના, ન કોઈ તારે રે—ડુબું
તારાવિના અન્ય નથી, મ્હારૂં જે પ્રકારે રે
મ્હારા વિણ દયા યોગ્ય, તેવું ન કો ત્હારે રે—ડુબું
અનુપમ એવું દીનપાત્ર, દીનબાળા રે
દયા જો નહીં કરો તો, ભુલશો કૃપાળા રે—ડુબું

(૩૦) ભેરવી (રાગ)

સોંપુ સહુ તુજ હાથ, દયાળુ પ્રભુ ! સોંપુ સહુ
તુજ હાથ

મુજ રક્ષણનો ભાર મુકું છું, તારે પાદે નાથ,–
દયાળુ–1

રક્ષાનું ફળ પ્રાપ્ત થાય જે, તે પણ રક્ષણ સાથ–
દયાળુ–૨

પાલણ અર્પણ મુજકાજે નહી, તવ ઉપયોગજ
માટ–દયાળુ–૩

બની સાવધ ને સ્વામી પુરા લહી, આત્માર્પણ
કરૂં તાત !–દયાળુ–૪

દીનબાળાની એજ યાચના, પૂર્ણ કરો ભલી
ભાત–દયાળુ–૫

(૩૧) નિચંતા નાથરે (રાગ)

અકિંચન છું હરી! નથી તું વિણ મ્હારૂં કોઇ
અન્ય નથી તું વિના કોઇ મ્હારૂં
નહોતું, ને કદી નવ શકશે હોઈ—અકિંચન—૧
પાલક શ્રી વિશ્વેશ તું નિત્યે
માનું દૃઢ, ભુલું નહિ ભાન ખોઈ—અકિંચન—૨
હૃદયે પૂરો વિશ્વાસ ધરી, તેથી
કરૂં છું પ્રાર્થન મનમાંહી મોહી—અકિંચન—૩
આત્મ રક્ષાનો, ભાર સોંપુ ત્હને
પ્રિતે દીનબાળા તુંમાં ચિત્ત પરોઈ—અકિંચન—૪

---

(૩૨) કરૂણા નજર કરો રે (રાગ)

સત્ય માર્ગે મ્હને દોરોરે, પ્રભુજી! મ્હારા
સત્ય માર્ગે મને દોરોરે
અશક્ત છું સર્વ રીતે, મતિ, શક્તિ, બળે, ચિત્તે
કર ગૃહો આપ પ્રિતેરે—પ્રભુજી!—૧

આપવશ સદા રહું, આપકાર્યે સ્થિર થઉં
મતિદયો તે પુરી ચહું રે–પ્રભુજી!–૨
નિર્ભર બનાવો પુરી, ભર્તા! ભાર સર્વ હરી
વૃત્તિ દયો સેવાની ખરીરે–પ્રભુજી!–૩
મ્હને આપનીજ કરો, યોગ્યતા એવીજ ભરો
કૃપાળા કરૂણા ધરો રે–પ્રભુજી!–૪
વદું બહુ, નહિં થાય, આપબળે કરો સ્હાય
સર્વ કરાવજો રાયરે–પ્રભુજી!–૫
આપ અર્થ વપરાઉં, સર્વથા સ્વામીની થાઉં
દીનબાળા એજ ચાહું રે–પ્રભુજી!૬

---

(૩૩) કાલિંગડો (રાગ)

કૃપા તમારી ભારે રે, શ્રીહરિ સ્વામી
વધુ જણાવો વારંવારે રે–કૃપા.
શુચી પ્રસંગો, આપી સુરંગો,
રચાવો યાચન દીન દ્વારેરે–કૃપા–૧

શુભ મંગળ દીન, દઈ બહુ સ્વામીન,
કરાવો ગુણનું ગાન પ્યારે રે—કૃપા—૨
તુજ શુચિનામે, હર્ષ ઉર પામે
તેજ સત્ય શ્રેય હમારે રે—કૃપા—૩
સાચી અવિચ્છીન, શ્રેય ધારાની
વૃષ્ટિ તે દૃષ્ટિ પડે મ્હારે રે—કૃપા—૪
વૃષ્ટિએ સદા પડે, વિઘ્નો ન કોદિ નડે
નિત્ય એવું બાળ વિચારે રે—કૃપા—૫
પૂર્ણ થશે તે, ખરૂં મંગળ છે
દીન બાળા ચહે શું વધારે રે—કૃપા—૬

---

## ગઝલ.

(૩૪) દીનાનાથ દયાળ નટવર (રાગ)

દીનાનાથ દયાળુ દેવા! દીનદોષો દેખશોના
અસ્થિર વૃત્તિ છે બાળની, સ્મરૂં પ્રીત કદી
ન કૃપાળની

ચક્ષુ છતાં છું અંધ હું અપરાધ તે હરિ!
લેખશો ના—દીનનાથ.

પર્યા પ્રભુ! પ્રીતના નિહાળું, નિત્યદર્શાવે દયાળુ
હું અનુભવું પણ નવલહું, અપરાધ તે હરિ!
લેખશો ના.

સાચી વિપત્તીમાં સદા, દયો સહાય વિધવિધ
સર્વદા.

તે સમય વિતે વિસરૂં, અપરાધ તે પ્રભુ!
લેખશો ના.

છું અયોગ્ય સર્વે રીતથી, નથી પાત્ર હું તમ
પ્રીતની.

તદપી દયા ઉદધી ત્હમે, અપરાધ તેથી
લેખશો ના.

હરિ! હાલ જેમ નિભાવીલ્યો, તેમ નિત્ય બાળ
શિશુની લ્યો.

દિન બાલીકા યાચુંજ એ, અપરાધ મ્હારા
લેખશો ના.

---

## ગરબી.

( ૩૫ ) "દીન અતી તુજ બાળ" ( રાગ )

નિર્ભય થાઉં ન કેમ ? પ્રભુજી રહસ્ય એ શું છે ?
આ, દશા, હજી શાની એમ? મુંઝાઉં છું ભેદ એ શું છે?
શરણાગત નિર્ભય બને, ઉચરે શિષ્ટો સર્વ
સમાધાન મનનું કહે, સહુને અંતર શાન્તિનો
ગર્વ—પ્રભુ.

શરણ ગ્રહ્યું મ્હેં આપનું, દીર્ઘ થયો છે કાલ
તદપી દીન દશા હજી, કેમ નથી લીધી બાળ
સંભાળ—પ્રભુ,

તનનાં દુઃખો સહી લઉં, પ્રારબ્ધ વશાગણી નાથ
કિન્તુ મન નહી શાન્ત કાં?, તુજ નામે ન
સ્વસ્થ કાં તાત—પ્રભુ.

અશાન્ત ઉર થાતાં પ્રભુ, ત્હને સ્મરાય ન લેશ,
નિર્ભયતા જો હોય તો, ઉપાધી આવી હોય
ન શેષ—પ્રભુ.
દીન બાળા અંજલી કરી, માગે નમી નમી એજ
નિર્ભય બની રહે શાન્ત તે, જેથી તવ સ્મ-
રણે વીઘ્ન ન રહેજ—પ્રભુ.

---

(૩૬) હોરી (રાગ)

ત્હમારા રે, ઉપકાર અગાધ ત્હમારા
વર્ણવું, કેમ તે પ્રભુ મ્હારા—ઉપકાર
સત્ય સમયમાં સુધ સાચી લઇ, નાથ થતા નથી
ન્યારા
વિકટ પ્રસંગે મહાબળ દયો છો, કંઈ કંઈ
સ્વજનની દ્વારા

કૃપા દૃષ્ટિ અતી કરનારા—ઉપકાર
શુભ શુચી સર્વ મનોરથ કરૂં તે, પૂર્ણ કરોછો
પ્યારા,
વિઘ્ન દૃશ્ય તે દૂર કરીને, સહાયી બનો છો
મ્હારા
અમંગળ સૌ હરનારા—ઉપકા.
સ્નેહી સંબંધી પ્રીતી જણાવી, વરસાવે સ્નેહની
ધારા
તે પણ આપ અનુગ્રહનું ફળ, સાચા શુભે-
ચ્છક મ્હારા
ખરી આપની કૃપાધારા—ઉપકાર.
દીનબાળા, ક્ષુદ્ર ચલીત પ્રાણી છે, ફળે ન
સંકલ્પ ત્હમારા
કિન્તુ કૃપાળુ આપતો નિત્યે, દોષ ભણી ન
જોનારા, સદા શ્રેયસ્કર થનારા—ઉપકાર.

(૩૭) "ધારણા કરી શ્રીવરમ્હેં" (રાગ)

વિલક્ષણ આ વર્તન શું વેંકટેશ ત્હારૂં
રક્ષક બની રક્ષણ શું આવું કરે મ્હારૂં—
વિલક્ષણ.

નિસ્તેજ પર્ણકુટીમાંથી કહાડી બ્હાર
મધ્યમાં મુકી રહ્યો ક્યાં ! ગુપ્ત જગાધાર—
વિલક્ષણ.

આશા મહાલયની આપી, કરથી અર્યું બાળ
હસ્ત શું મુકી દીધા, વિસર્યો (શું) લેવી
બાળ—વિલક્ષણ.

અન્ધકાર વ્યાપી રહ્યો, માર્ગ કંઇ ન સુઝે
સંકટમાં બાળ પડ્યું, કેવું ભયે ધ્રુજે—
વિલક્ષણ.

પ્રાણ છે તદાપિ છે એ, શુદ્ધિ રહીત તાત

પોષક નવ સાંભળે તો, શું? ન વિ ફરે વાત?
વિલક્ષણ.
રક્ષક નવ સમીપ દેખી દુઃખી થઈ અપાર
દીનબાળા રૂદન કરે, ન શું (પ્રભુ) સુણે પુકાર
વિલક્ષણ,

---

(૩૮) ગરબી.

ત્હારી ઈચ્છા આધીન થવા ધાર્યું મ્હેં જો
એજ વર્તન પ્રભુ ! ઉચ્ચ અતી સારૂં છે જો—ત્હારી
ત્હને રૂચે તે સ્થાનમાં રહું સુખે જો
મ્હારૂં શ્રેય નિત્ય ત્યાંજ કહું એ મુખે જો—ત્હારી
વ્યથા કષ્ટ સર્વ સહું, ધૈર્ય આણીને જો
શુભ હેતુ તુજ હશે, ત્હેમાં માનીને જો— ત્હારી
ત્યાગું સ્વેચ્છાથી, હર્ષથી સ્વતંત્રતા જો
ગ્રહું અતિ પ્રેમથી, હું પરતંત્રતા જો— ત્હારી

વળી વીઘ્નકારી અન્ય સર્વ છોડવું જો
ત્હારી વૃત્તિમાં મ્હારૂં મન જોડવું જો— ત્હારી
નિત્ય સુખદ પિતા ગણી ત્હને તાતજી જો
ત્હારી ધારણા ચહી સર્વ વાતથી જો— ત્હારી
લખ્યું કહ્યું કરવા શક્તિ નથી નાથ હે! જો
સાચી કળ તેની હરિ! તારે હાથ છે જો—ત્હારી
દીનબાળાને લેશ નાચુકાવજે જો
વદે તેટલું વર્તનમાં મુકાવજે જો.
ત્હારી ઈચ્છા આધીન થવા ધાર્યું મ્હેં જો.

---

(૩૯) અલબેલીરે અંબે માત (રાગ)

થઇ સહુ વિધ આપની નાથ, ભય નવ ધરૂં ચિત્તે
મુકી બધું પ્રભુ! ત્હારે હાથ, નિર્ભય બનું નિત્યે
આશ્રિત બની ચરણોમાં પડી છું આજ્ઞા આપ
પ્રમાણી રે

અભય આપતો કરછે શિર્ષે,
નિર્ભય તેથી માની—ભય.
"એકવાર જો શરણ ગ્રહેકો,
અચલ અભય દઉં ત્હેને રે"
એ વાક્યે વિશ્વાસ ધારી,
અનુસરવા ઇચ્છું એને—ભય.
વધા "અભયમુજ સર્વ પ્રાણીથી
સર્વ પ્રાણીને સારૂ રે"
હું પણ ત્હારૂં પ્રાણી પ્રાણ હે ?
ઈચ્છીત થાશે મ્હારૂં—ભય.
વધુ કહ્યું છે "સર્વ પાપથી,
આશ્રિત મુક્ત કરૂં છું રે"
હું ત્હારી અધકર કન્યા છું,
આશા ઉરે ધરૂં છું—ભય.
અમોઘ અતુલ્ય દાતા મ્હારા ?
નિડર પાદમાં રહીશ રે

ત્હારૂં કાર્ય તું નિશ્ચીત કરશે,
હું નવ વધુ કંઈ કહીશ—ભય.
દીનબાળા શરણાગત બાળક,
નિર્ભય સ્થાને ગઈ છું રે
વચન પળાશે દૃઢ શ્રદ્ધા છે,
તેથીજ ત્હારી થઈ છું—ભય

---

(૪૦) આરતી.

જયદેવ જયદેવ, જયકરૂણાધારા (૨)
વિશ્વપતિ છો સહુના વેંકટેશ મ્હારા—જયદેવ-૧
ઇષ્ટ દેવ મુજ એજ, પ્રિયરૂપ એ ચિત્તે
એજ મુર્ત્તિ સંભારી, ધ્યાન ધરૂં પ્રીતે—જયદેવ-૨
હૃદયે પ્રિય શ્રીનીવાસ, વિગ્રહ ખાસ ચહું
શેષ ગીરીમાં વાસો, મનથી સ્પર્શી રહું—જય૦-૩
પ્રભુ! ઉપકાર અપાર નિત્યે દર્શાવો
ભાવ વિલક્ષણ બળથી, ઉરમાં ઉપજાવો—જય૦-૪

હૃદને સન્મતિનાથ, પ્રીતિથી પાળો
અમિત મતિને કળથી, સન્માર્ગેવાળો—જય૦—૫
ત્હારી કૃપાથી તાત કાર્ય રૂડાં થાયે
શક્તિ સહાયથી વ્હાલા! હજી વધતાં જાયે—જય૦
દીધી મદદ દયો, તેમ, હજી વધુ દેશો
દીનબાળા એ યાચે, સુધ સાચી લેશો—જય૦—૭

---

ગીરધારીરે (રાગ)

વદો વ્હાલાં રે! આનંદ આ કેમ કહીએ,
મનમાં સમજીને રહીએ.
પ્રભુ રસનું વર્ણન કેવું રે,
મુખ ખોલી ન કહેવા જેવું રે,
એ સુખને મનમાં લેવું રે,
એ ઉર્મિરે, જુદી આપણી રહેશે
પણ એકજ સ્થાને વહેશે— ૧

હરિ રસથી પ્રાણનું રક્ષણ રે
એની મધુરતા વિલક્ષણ રે
તૃષા વધે એની ક્ષણે ક્ષણ રે—એ— ૨
વાણીથી ન હર્ષ વદાશે રે
લેખે નવ ભાગ્ય લખાશે રે
ગાને ના ગીત ગવાશે રે—એ— ૩
ઉન્માદક અતિ એ રસ છે રે
મહાજ્ઞાની પણ એને વશ છે રે
સર્વદેશે ખ્યાતિ ત્હેની મસ છે રે—એ—૪
વળી શાન્તિ દાયક એ છે રે
દીનબાળા અનુભવ લે છે રે
સુખ શાન્તિ એ હૃદયે રહે છે રે
એ ઉર્મિરે જુદી આપણી રહેશે
પણ એકજ સ્થાને વહેશે.— ૫

